# Gyan Gatha
## ઉષ્માગતિશાસ્ત્ર
## 6

**વિભાગ A**

● નીચે આપેલા પ્રશ્નોના માગ્યા મુજબ ઉત્તર લખો. (પ્રત્યેકના 4 ગુણ) **[120]**

**1. A, B, C અને D ની તટસ્થીકરણ એન્થાલ્પી અનુક્રમે –13.7, –9.4, –11.2, –12.4 kcal હોય તો જ્યારે તેમને સામાન્ય બેઈઝ સાથે તટસ્થીકરણ કરવામાં આવે ત્યારે તેમની ઍસિડિકતાનો ક્રમ**

(A) A > B > C > D (B) A > D > C > B (C) D > C > B > A (D) D > B > C > A

**2. $H^+_{(aq)} + OH^-_{(aq)} \rightarrow H_2O, \Delta H = -57.1$ kJ હોય તો જ્યારે $H_3PO_4$ ના 1 ગ્રામ તુલ્યનું તટસ્થીકરણ KOH સાથે કરતા મુકત થતી ઉષ્માઊર્જા ........**

(A) = 57.1 kJ (B) > 57.1 kJ (C) < 57.1 kJ (D) નક્કી ન કરી શકાય.

**3. નિર્બળ ઍસિડ HA અને પ્રબળ બેઈઝ KOH સાથેની તટસ્થીકરણ એન્થાલ્પી $-12.2 \frac{kcal}{gm}$ તુલ્ય અને અન્ય કોઈ નિર્બળ ઍસિડ HB માટે તે મૂલ્ય $-11.1 \frac{kcal}{gm}$ તુલ્ય છે, તો નીચેનામાંથી શું સાચું છે ?**

(A) $pK_a(HA) = pK_a(HB)$ (B) $pK_a(HA) < pK_a(HB)$ (C) $pK_a(HA) > pK_a(HB)$ (D) એકપણ નહી

**4. એક ઍસિડની કોઈ બેઈઝ સાથે તટસ્થીકરણ એન્થાલ્પી $13.7 \frac{kcal}{તુલ્ય}$ હોય ત્યારે .........**

| | ઍસિડ | બેઈઝ | | ઍસિડ | બેઈઝ |
|---|---|---|---|---|---|
| (A) | નિર્બળ | નિર્બળ | (B) | પ્રબળ | નિર્બળ |
| (C) | નિર્બળ | પ્રબળ | (D) | પ્રબળ | પ્રબળ |

**5. ચરબી (FAT) નું કેલોર્ફિક મૂલ્ય (Calorfic value)....**

(A) કાર્બોહાઈડ્રેટના કરતા ઓછું અને પ્રોટીન કરતા વધુ
(B) કાર્બોહાઈડ્રેટ અને ચરબી બન્ને કરતા ઓછું
(C) પ્રોટીન કરતા ઓછું પરંતુ કાર્બોહાઈડ્રેટ કરતા વધુ
(D) કાર્બોહાઈડ્રેટ અને પ્રોટીન બન્ને કરતા વધુ

**6. નીચેનામાંથી કઈ $\Delta H°$ (પ્રક્રિયા એન્થાલ્પી) ની મૂલ્ય માટે મળતી નીપજ સૌથી ઓછી સ્થાયી છે ?**

(A) $-94.0$ kacl $mol^{-1}$ (B) $-231.6$ kacl $mol^{-1}$ (C) $+21.4$ kacl $mol^{-1}$ (D) $64.8$ kacl $mol^{-1}$

**7. નીચેનામાંથી કઈ પરિસ્થિતિમાં પ્રક્રિયા કોઈપણ તાપમાને શક્ય છે ?**

(A) $\Delta H$ (–ve), $\Delta S$ (+ve) (B) $\Delta H$ (–ve), $\Delta S$ (–ve) (C) $\Delta H$ (+ve), $\Delta S$ (+ve) (D) એકપણ નહી.

**8. પ્રણાલી વડે થતું કાર્ય 8 J છે. જ્યારે તેને 40 J જેટલી ઉષ્મા આપવામાં આવે ત્યારે આ પ્રક્રિયામાં આંતરિક ઊર્જામાં થતો ફેરફાર જણાવો.**

(A) 32 J (B) –48 J (C) –32 J (D) 48 J

**9. નીચેનામાંથી કયું પરિબળ પ્રક્રિયાની એન્થાલ્પી પર અસર કરતું નથી ?**

(A) પ્રક્રીયકો અને નીપજોની ભૌતિક અવસ્થા
(B) તાપમાન
(C) દબાણ અથવા કદ
(D) પ્રક્રિયા જેના દ્વારા અંતિમ નીપજ મેળવાય છે.

**10. 0.1M HCl ના 10 ml દ્રાવણને 0.1M KOH ના 10 ml દ્રાવણ સાથે મિશ્ર કરતા તાપમાનમાં 4°C નો વધારો થાય છે, તો જ્યારે 0.1M HCl ના 100 ml દ્રાવણને 0.1M KOH ના 100 ml દ્રાવણ સાથે મિશ્ર કરવામાં આવે ત્યારે તાપમાનમાં થતો વધારો ...........**

(A) 40° C (B) 4° C (C) 20° C (D) નક્કી ન કરી શકાય

**11. નીચેનામાંથી પદાર્થનો માત્રાત્મક ગુણધર્મ ......**

(A) તાપમાન (B) આંતરિક ઊર્જા (C) શ્યાનતા (D) પૃષ્ઠતાણ

12. **NaOH ની HCl સાથેની તટસ્થીકરણ એન્થાલ્પી –57.1kJ જ્યારે $CH_3COOH$ સાથેની તટસ્થીકરણ એન્થાલ્પી –55kJ હોય છે કારણ કે ........**

(A) એસિટિક એસિડ કાર્બનિક એસિડ છે.

(B) એસિટિક એસિડ એ પાણીમાં અંશતઃ દ્રાવ્ય છે.

(C) એસિટિક એસિડ એ નિર્બળ એસિડ છે અને તેના તટસ્થીકરણ માટે ઓછા પ્રમાણમાં NaOH જરૂરી છે.

(D) એસિટિક એસિડનું સંપૂર્ણ આયનીકરણ કરવામાં થોડી ઉષ્મા જરૂરી છે.

13. **$\frac{4}{3}Al + O_2 \rightarrow \frac{2}{3}Al_2O_3$ ; $\Delta G = -827 \frac{kJ}{mol}(O_2)$ પ્રક્રિયાના આધારે $Al_2O_3$ નું વિદ્યુત વિભાજન કરવા માટે ન્યૂનતમ emf શોધો.**

(A) 8.56 V (B) 2.14 V (C) 4.28 V (D) 6.42 V

14. **એક રાસાયણિક પ્રક્રિયામાં 300K તાપમાને $\Delta H$ = 150kJ અને $\Delta S$ = 100 $JK^{-1}$ છે તો $\Delta G$ શોધો.**

(A) શૂન્ય (B) 300 kJ (C) 330 kJ (D) 120 kJ

15. **નીચેનામાંથી કઈ પરિસ્થિતિમાં પ્રક્રિયા કોઈપણ તાપમાને આપમેળે શક્ય નથી ?**

(A) $\Delta H(+ve)$, $\Delta S(+ve)$ (B) $\Delta H(+ve)$, $\Delta S(-ve)$ (C) $\Delta H(-ve)$, $\Delta S(-ve)$ (D) આપેલા બધા જ

16. **આયોડીનની બાષ્પ અને ઘન અવસ્થાની વિશિષ્ટ ઉષ્માઓ અનુક્રમે 0.031 અને 0.055 $\frac{cal}{g}$ હોય છે. જો આયોડીનની ઉર્ધ્વપાતન એન્થાલ્પી 24 $\frac{cal}{g}$ 200K તાપમાને છે, તો તેનું મૂલ્ય 250K પર કેટલું હશે ?**

(A) 11.4 $\frac{cal}{g}$ (B) 22.8 $\frac{cal}{g}$ (C) 5.7 $\frac{cal}{g}$ (D) 18.1 $\frac{cal}{g}$

17. **કાર્બનના દહન વડે બે ઑક્સાઈડ CO અને $CO_2$ બને છે. $CO_2$ અને CO ની સર્જન એન્થાલ્પી અનુક્રમે –94.3 kcal અને –26.0 kcal હોય તો કાર્બનની દહન એન્થાલ્પીનું મૂલ્ય મેળવો.**

(A) –26.0 kcal (B) –68.3 kcal (C) –94.3 kcal (D) –120.3 kcal

18. **MgO, $Al_2O_3$, અને $SiO_2$ની સર્જન એન્થાલ્પી અનુક્રમે –602, –1676 અને –911 $\frac{kJ}{mol}$ હોય તો સૌથી સ્થાયી ઑક્સાઈડ કયો છે ?**

(A) MgO (B) $Al_2O_3$ (C) $SiO_2$ (D) નક્કી ન કરી શકાય

19. **પાણીની પિગલન મોલર ઉષ્મા 6.01 $\frac{kJ}{mol}$ છે. પાણીના પિગલન બિંદુએ પાણીના 1 મોલમાં એન્થાલ્પીમાં થતો ફેરફાર...**

(A) 22 $\frac{kJ}{mol}$ (B) 109 $\frac{kJ}{mol}$ (C) 44 $\frac{kJ}{mol}$ (D) 11 $\frac{kJ}{mol}$

20. **એક પ્રબળ ઍસિડ અને પ્રબળ બેઇઝનું તટસ્થીકરણ કરતા તટસ્થીકરણ એન્થાલ્પી 57.0 kJ સામાન્ય રીતે હોય છે. તો જ્યારે 0.5 મોલ $HNO_3$ નું તટસ્થીકરણ 0.20 મોલ NaOH સાથે કરવામાં આવે ત્યારે કેટલી ઉષ્મા ઉત્પન્ન થાય ?**

(A) 57.0 kJ (B) 28.5 kJ (C) 11.40 kJ (D) 34.9 kJ

21. **ઉષ્માશોષક પ્રક્રિયા આપમેળે ત્યારે જ શક્ય છે જ્યારે .........**

(A) $\Delta H > T\Delta S$ (B) $\Delta H < T\Delta S$ (C) $\Delta H = T\Delta S$ (D) $T\Delta S = 0$

22. **પ્રબળ ઍસિડના 10ml દ્રાવણને પ્રબળ બેઇઝના 10ml દ્રાવણ સાથે મિશ્ર કરતા તેના તાપમાનમાં 5°C નો વધારો થાય છે, તો જ્યારે પ્રબળ ઍસિડના 100ml દ્રાવણને પ્રબળ બેઇઝના 100ml દ્રાવણ સાથે મિશ્ર કરવામાં આવે ત્યારે તાપમાનમાં થતો વધારો ..........**

(A) 50° C (B) 5° C (C) 20° C (D) નક્કી ન કરી શકાય

23. **સ્ફટિકમય ઘન NaClની લેટિસ એન્થાલ્પી 180 kcal $mol^{-1}$ અને દ્રાવણની એન્થાલ્પી 1 kcal mol છે. $Na^+$ અને $Cl^-$ ની હાઈડ્રેશન એન્થાલ્પી 3:2 પ્રમાણમાં છે. તો સોડીયમ આયનની હાઈડ્રેશન એન્થાલ્પી શોધો.**

(A) 71.6 kcal $mol^{-1}$ (B) –71.6 kcal $mol^{-1}$ (C) 107.4 kcal $mol^{-1}$ (D) –107.4 kcal $mol^{-1}$

**24.** **HCl ની NaOH સાથેની તટસ્થીકરણ એન્થાલ્પી $x$ છે. તો જ્યારે 500 ml 2N HCl સાથે 250 ml 4N NaOH ઉમેરતા ઉત્પન્ન થતી ઉષ્મા ..........**

(A) $500x$ (B) $100x$ (C) $x$ (D) $10x$

**25.** **જો ઉષ્માશોષક પ્રક્રિયા પાણીના ઠારબિંદુએ આપમેળે ન થાય અને ઉત્કલનબિંદુએ શકય બને તો**

(A) $\Delta H(-ve)$, $\Delta S(+ve)$ (B) $\Delta H(+ve)$, $\Delta S(+ve)$ (C) $\Delta H(-ve)$, $\Delta S(-ve)$ (D) $\Delta H(+ve)$, $\Delta S(-ve)$

**26.** **પાણીની બાષ્પને આદર્શ વાયુ તરીકે લેતા, 100° C તાપમાને, 1 બાર દબાણે 1 મોલ પાણીને ઉકળતાં તેની આંતરિક ઊર્જામાં થતો ફેરફાર શોધો. (પાણીની બાષ્પાયાન એન્થાલ્પી = 41 kJ $mol^{-1}$ R = 8.3 $kJ^{-1}$ $mol^{-1}$)**

(A) 41 kJ $mol^{-1}$ (B) 4.100 kJ $mol^{-1}$ (C) 3.7904 kJ $mol^{-1}$ (D) 37.904 kJ $mol^{-1}$

**27.** **$Br_{2(l)} + Cl_{2(g)} + 2BrCl_{(g)}$. આ પ્રક્રિયા માટે એન્થાલ્પી અને એન્ટ્રોપી ફેરફાર અનુક્રમે 30 kJ $mol^{-1}$ અને 105 kJ $mol^{-1}$ હોય તો કયા તાપમાને પ્રક્રિયા સંતુલનમાં રહેશે ?**

(A) 285.7 K (B) 273 K (C) 450 K (D) 300 K

**28.** **$S + \frac{3}{2} O_2 \rightarrow SO_3 + 2x$ kcal , $SO_2 + \frac{1}{2} O_2 \rightarrow SO_3 + y$ kcal $SO_2$ ની સર્જન એન્થાલ્પી શોધો.**

(A) $y - 2x$ (B) $2x + y$ (C) $x + y$ (D) $\frac{2x}{y}$

**29.** **H–H અને Cl–Cl બંધોની બંધ ઊર્જા અનુક્રમે 430 kJ $mol^{-1}$ અને 240 kJ $mol^{-1}$ હોય અને HCl માટે $\Delta H_f$ ની કિંમત –90 kJ $mol^{-1}$ તો HCl ની બંધ એન્થાલ્પી શોધો.**

(A) 380 kJ $mol^{-1}$ (B) 425 kJ $mol^{-1}$ (C) 245 kJ $mol^{-1}$ (D) 290 kJ $mol^{-1}$

**30.** **$2C_6H_{6(l)} + 15O_{2(g)} \rightarrow 12CO_{2(g)} + 6H_2O_{(l)}$ 298 K તાપમાને આપેલ પ્રક્રિયા માટે અચળ દબાણ અને અચળ કદે ઉષ્માનો તફાવત શોધો. (kJ માં)**

(A) –7.43 (B) +3.72 (C) –3.72 (D) +7.43

GYAN GATHA EDUCATION IS EMPOWERMENT